# ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી

(આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા સંચાલિત સ્વાયત્ત સંસ્થા) ૩જે માળ,
બિરસામુન્ડાભવન, સેક્ટર 10-એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦, ફોન: ૦૭૯-૨૩૨૪૩૭૪૮/૪૯


ફાઇલ નં. ટીડી/ઈએમઆરએસ/૨૦૨૦/૩૨૪૬/ 8695
તા.૨૬/૦૮/૨૦૨૨

પ્રતિ,

પ્રાયોજના વહિવટદારશ્રી, પાલનપુર, ખેડબ્રહ્મા, અરવલ્લી, દાહોદ, ગોધરા, મહિસાગર, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, તાપી, ડાંગ, અને

પ્રાયોજના અધિકારીશ્રી, તલાલા- ગીર સોમનાથ,

વિષય- **District Level Eklvya Schools Committee** ની રચના કરવા બાબત.

સંદર્ભ- ૧) ભારત સરકારના પત્ર નં. 18015/06/2020 Dated 21.02.2020
૨) આ.વિ.વિ. ના ઠરાવ ક્ર. EMRS-102020-708-P તા.૦૮/03/૨૦૨૧
૩) સોસાયટીના પત્ર નં.ટીડી/ઇએમઆરએસ/૨૦૨૦/૩૨૪૬/૬૭૭૯ તા.૧૯/૦૪/૨૦૨૧
૪) આ.વિ.વિ. ના ઠરાવ ક્રમાંક નં.EMRS-102020-708-P તા.૦૨/૦૮/૨૦૨૨

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ ૧) થી ભારત સરકારશ્રીના દરેક રાજ્યમાં **District Level Eklvya Schools Committee to supervise functioning of EMRS, EMDBS and CoE for Sports** ની રચના કરવા જણાવેલ છે.

સંદર્ભ ૨) થી **District Level Eklvya Schools Committee** ની રચના કરી આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ઠરાવ બહાર પાડવામાં આવેલ હતો.

જે અનુસંધાને સંદર્ભ ૩) ના પત્રથી સોસાયટી દ્વારા નીચે મુજબની સુચના સાથે **District Level Eklvya Schools Committee** ના સભ્યોની નિમણુંક કરવા તથા નાણાકિય વર્ષ દરમ્યાન ત્રિમાસિક બેઠક બોલાવી યોગ્ય કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ હતું.

પરંતુ, સંદર્ભ ૪) ના પત્રથી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર સંચાલિત શાળાઓ માટે જિલ્લા સ્તરીય સમિતિની રચના **District Level Eklvya Schools Committee** માં સુધારા ઠરાવ કરેલ છે. જેની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

Scanned with CamScanner

એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ(EMRS), એકલવ્ય મોડેલ ડે બોર્ડીંગ સ્કુલ (EMDBS) તથા સેન્ટર ઓફ એક્સેલેન્સ ફોર સ્પોર્ટ્સના(CoE) કામગીરી પર દેખરેખ રાખવા અને શાળામા અસરકારક કામગીરીમાં જરૂરી સહાય પ્રદાન કરવા માટે **District Level Eklvya Schools Committee (DLS)** નું પુન: ગઠન કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા અંતે ઉક્ત શાળાઓના સુપરવિઝન માટે નીચે મુજબની, જિલ્લા સ્તરીય સમિતિઓની આથી પુન: ગઠન કરવામાં આવે છે. સમિતિના સભ્યો તથા તેના કાર્યો નીચે જણાવ્યા મુજબ રહેશે.

સમિતિના સભ્યો:

૧. જિલ્લા કલેક્ટરશ્રી- ચેરમેન
૨. પ્રાયોજના વહિવટદારશ્રી, સંકલિત આદિજાતિ વિકાસ કાર્યક્રમ – સભ્ય સચિવ
૩. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી – સભ્ય
૪. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી- સભ્ય
૫. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી- સભ્ય
૬. જિલ્લા કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ- સભ્ય
૭. જિલ્લાના બે (૨) અગ્રણી શિક્ષણવિદ -સભ્ય
૮. જિલ્લા કોચ, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત – સભ્ય
૯. જે શાળાનું રીવ્યુ કરવામાં આવનાર હોય તે શાળાઓના આચાર્યશ્રીઓ- સભ્ય
૧૦. ટેકનીકલ એક્ષપર્ટ – આમંત્રીત (જરૂર જણાય ત્યારે)

સમિતિના કાર્યો:

૧. શૈક્ષણિક કાર્યો, માળખાગત વિકાસ, સહ અભ્યાસક્રમ પ્રવૃતિઓ, ભોજન વ્યવસ્થા વગેરે પાસાઓમાં શાળાના કામકાજની દેખરેખ
૨. શાળાની સુવ્યવસ્થિત કામગીરી અને તેના ઉત્થાન માટે સ્થાનિક સહાય અને સહકાર મેવવવા અંગેના પ્રયાસો
૩. બાળકોને તેમની સંસ્કૃતિ વિશે, તેમની વ્યક્તિગત અને વ્યવસાયિક વૃધ્ધિ માટેના ઉપાયો વિશે વિવિધ પ્રવૃતિઓના આયોજનમાં સહાય કરવી.
૪. શાળાની પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવા માટે વધારાની નાણાકિય સહાય મેળવવા જાહેર જનતાની મદદ માટે આયોજન કરવું.
૫. અનુભવો અને સુવિધાઓના આદાન-પ્રદાન દ્વારા શાળાના શિક્ષણની ગુણવત્તામાં સુધારણા

Scanned with CamScanner

માટે શાળાઓને કેન્દ્રિકૃત બનાવવી.

૬. શાળાઓમાં વિવિધ માળખાગત વિકાસ પ્રવૃતિઓની પ્રગતિનું નિરીક્ષણ કરવું.

૭. શાળાઓની કામગીરીના શૈક્ષણિક અથવા અન્ય પાસાઓમાં જરૂરી કોઇપણ સુધારણા અથવા સુધારા અંગે રાજય એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કૂલ (ઇ.એમ.આર.એસ.) સોસાયટીને સૂચનો પ્રદાન કરવા.

૮. રાજય ઇ.એમ.આર.એસ. સોસાયટી દ્વારા સોંપેલ અન્ય કોઇપણ જવાબદારી.

જિલ્લા સ્તરીય સમિતિએ નાણાકીય વર્ષ દરમિયાન ત્રિમાસિક બેઠક બોલાવવાની રહેશે.

ઉક્ત સંદર્ભિત ઠરાવની વિગતો મુજબ જરૂરી સુચનાનું તાત્કાલિક પાલન કરવા જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

કાર્યપાલક નિયામક
જી.એસ.ટી.ઇ.એસ.
ગાંધીનગર

નકલ રવાનાઃ- ૧) ઉપ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર તરફે જાણ સારૂ.

૨) સેકશન અધિકારીશ્રી (પી શાખા), આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર તરફે જાણ સારૂ.

Scanned with CamScanner